**DATE: 06/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# ભરૂચના દાંડિયાબજારમાં બુટલેગરના ઘરેથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો

ભરૂચ : ભરૂચના દાંડિયાબજાર વિસ્તારમાં બુટલેગરના ઘરેથી ૨૯,૧૮૦નો વિદેશી દારૂનો જથ્થો પોલીસે કબજે કર્યો હતો. હોળી અને ધૂળેટી તહેવારને લઈને ગેરકાયદે દારૂના ધંધા પર પોલીસ ભારે કમર કસી છે એ માટે ભરૂચ એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હતી, ત્યારે એવી બાતમી મળી હતી કે દાંડિયાબજારમાં ચીંગસપુરા ખાતે બુટલેગર જૈનેશ પટેલ ઘરે વિદેશી દારૂનું વેચાણ કરે છે. જે બાતમીનાં આધારે પોલીસ વિભાગ બે ખાનગી વાહનોમાં જઈને રેડ કરતા જૈનેશ પટેલનો દરવાજો બંધ હોવાથી દરવાજો ખખડાવતા તેની પત્ની અરૂણાબેન જૈનેશ પટેલ ખોલ્યું હતું. જે ઘરમાં પોલીસે ચેક કરતા વિદેશી દારૂની બોટલ નં ૫૩ જેની કિંમત રૂ.૨૯,૧૮૦/-મુદામાલ ઝડપાયો હતો.

**DATE: 06/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં બે સ્થળોએથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ|અંકલેશ્વર

નવા બોરભાઠા ગામ ખાતે આવેલ શામજી ફળીયા ખાતે રહેતાં રોહિત વસાવાને દારૂ વેચતાપોલીસે ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી કુલ 17 બોટલ મળી કુલ 1,900 રૂપિયાનો દારૂ કબજે લેવાયો છે. બીજા કેસમાં અંકલેશ્વર શહેર ના ભાંગવાડખાતે મહિલા બુટલેગર સુશીલા વસાવાને દારૂની35 બોટલ સાથે ઝડપી પાડી હતી પોલીસે 1,400 રૂપિયાનો ઈંગ્લિશદારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. બંને કેસમાં બુટલેગરોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 07/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# પાલેજ નજીક ગેસના ટેન્કરની આડમાં લઈ જવાતો 64 લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

**ડ્રાઈવરની** અટકાયત, ભરૂચ એલસીબીએ ૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભરૂચ: હોળી-ધુળેટી પર્વે બુટલેગરો ગેલમાં આવી ગયા છે. ત્યારે ભરૂચ એલસીબી પોલીસે નેશનલ હાઈવે નં.૪૮ ઉપર પાલેજ પાસેથી જ ગેસના ટેન્કરમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવાતો હોવાનો પર્દાફાશ કરી ૭૫ લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે ડ્રાઈવરને ઝડપી પાડ્યો હતો અને અન્ય બેને વોન્ટેડ જાહેર કરી કુલ ત્રણ લોકો સામે ગુનો દાખલ કર્યો હતો.

ભરૂચ એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, ગેસના ટેન્કરની આડમાં મોટો વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે અને નંબર પ્લેટ બદલીને વિદેશી દારૂ સગેવગે થાય છે. આથી ભરૂચ એલસીબી પોલીસે ને.હા.નં.૪૮ ઉપર વોચ ગોઠવી હતી. દરમિયાન સુરતથી વડોદરા તરફ જઈ રહેલા ગેસ ટેન્કર નં. RJ 06 CD 1923ને પાલેજ નજીકની હોટલ નજીક રોકવામાં આવ્યું હતું. જેની નંબર પ્લેટ પણ શંકાસ્પદ લાગતાં ગેસના ટેન્કરમાં તપાસ કરતાં વિદેશી દારૂની પેટીઓ મળી આવતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી અને ગેસના ટેન્કરમાંથી ૧૩૫૦ બોક્સ કિંમત રૂ.૬૪.૮૦ લાખ તથા એક ટેન્કર, મોબાઈલ મળી કુલ રૂ.૭૫,૮૭,૨૯૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. તો વિદેશી દારૂનું ટેન્કર લઈને પસાર થઈ રહેલા મૂળ રાજસ્થાનના ડ્રાઈવર ધર્મેશ પુરૂષોત્તમ ચોબીસાની અટકાયત કરાઈ હતી. જ્યારે મોકલનાર અને દારૂનો જથ્થો સ્વીકારનાર બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે ચાલક સહિત બે મળી ત્રણ લોકો સામે પ્રોહિબિશન અને બોગસ નંબર પ્લેટનો ઉપયોગ કરવા બદલ આઈપીસીની કલમ મુજબ પાલેજ પોલીસમથકે ગુનો દાખલ કરી વોન્ટેડ અન્ય બે લોકોની ધરપકડનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં.

**DATE: 07/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# અંકલેશ્વરના દઢાલ પાસે ઈકો કારમાંથી દારૂ સાથે એક ઝડપાયો

અંકલેશ્વર : અંકલેશ્વરના દઢાલ ગામ નજીક ઈકો કારમાંથી ૪૫.૯૦૦ રૂપિયાના વિદેશીદારૂ સાથે એકને ઝડપી પાડ્યો છે. ભરૂચ LCB પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી આ દરમિયાન ઈકો ગાડીમાં અંકલેશ્વરના દઢાલ ગામ તરફથી એક શખ્સ વિદેશીદારૂ દારૂનો જથ્થો લઈને પસાર થઈ હોવાની બાતમી માહિતીના આધારે એલસીબી પોલીસે દઢાલ ગામ પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન ઈકો કાર આવતા તેને રોકી હતી. કારમાં તપાસ કરતા વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો. ઈકો કારમાં હાંસોટના ખિડકી ફળીયા ખાતે રહેતા મોહમદ શોએબ ઉસ્માન ગનીની ધરપકડ કરી રૂપિયા ૪૫.૯૦૦ની કિંમતનો વિદેશીદારૂ તેમજ ઈકો ગાડી અને મોબાઈલ મળી કુલ ૪.લાખ ૫૦. હજાર ૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી ઈકો ચાલક મોહમદ શોએબ ઉસ્માન ગનીની પૂછપરછમાં નવીનગરી દઢાલના બુટલેગર અબ્દુલ કાદીર ઈબ્રાહીમ શાહ દિવાન અને કોસંબાના કઠવાડાના સુનિલ વસાવાનું નામ સામે આવ્યું હતું એલસીબી પોલીસ બન્ને શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા

**DATE: 07/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# કરારવેલ ગામેથી દારૂ સાથે બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસની ટીમ ને ચોક્કસ માહિતી મળી હતી કે નવાગામ કરારવેલ ખાતે નવી નગરીમાં રહેતો બુટલેગર નિલેશ વસાવા મોટા પાયે દારૂનો જથ્થો લાવી વેચાણ કરી રહ્યો છે જે આધારે પોલીસ તેના ઘરે દરોડા પાડ્યા હતા. જ્યાં ઘરના વાડામાંથી 240 કવાટરીયા અને બિયરના ટીન 24 મળી આવ્યાં હતાં. પોલીસે કુલ 26,400 રૂપિયાનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. અને બુટલેગરની ધરપકડ કરી હતી.

**DATE: 07/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ફલશ્રુતિમાં હાર્ડવેરની દુકાનમાં ચોરી કરી હતી

# હાર્ડવેરના સામાનની ચોરી કરનાર ચાર વર્ષે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ફલશ્રુતિ કોમ્પ્લેક્ષમાં આવેલી જલારામ પ્લાયવુડ નામની દુકાનમાં વર્ષ 2019માં 14મી ઓગસ્ટની રાત્રીએ 90 હજારથી વધુના સામાનની ચોરી કેસનો આરોપી વિશાલ ઉર્ફે વિકાસ હરીશ બારૈયા (રહે. ઈન્દીરાનગર ઝૂપડપટ્ટી) છેલ્લા ચાર વર્ષથી વોન્ટેડ હતો. દરમિયાનમાં વિશાલ ઉર્ફે વિકાસ બારૈયા શહેરના હોટલ પ્લાઝા પાસે આવ્યો હોવાની ચોક્કસ બાતમી એસઓજીના હેડ



કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર જુલાલભાઈને મળી હતી. જેના પગલે એસઓજી પીઆઈ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આર. એસ. ચાવડા અને તેમની ટીમે સ્થળ પર દોડી જઇ તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પુછપરછ કરતાં તેણે ચોરીની કબુલાત કરી હતી.

**DATE: 07/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## જંબુસરના ભોદર ગામમાં પોલીસના દરોડા

# મંદિર નજીક જ જુગાર રમતાં 4 ઝબ્બે, 5 ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં ભોદર ગામે બળીયાદેવ મંદીર પાસે પીલવાના ઝાડ નીચે મોબાઈલના ટોર્ચના અજવાળે કેટલાંક શખ્સોએ જાહેરમાં જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી વેડચ પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈ જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે જુગાર રમતાં સંજય ભુપત ચુનારા, વિશ્રામ દેસાઈ રબારી, વિજય રમણ ચુનારા, તેમજ રમણ ભાથી ચુનારાને ટીમે ઝડપી પાડ્યાં હતાં.

**DATE: 07/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# પાલેજ ગામે દારૂ વેચતો બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ નવીનગરી વિસ્તારમાં રહેતાં મનોજ સોમા ઠાકોર તેના ઘરમાં દારૂનું વેચાણ કરતો હોવાની બાતમીના આધારે પાલેજ પોલીસે તેના ઘરે દરોડો પાડ્યો હતો. ટીમે તેના ઘરમાંથી 10 હજારથી વધુની મત્તાનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. તે દારૂ ક્યાંથી લાવ્યો પુછતાં તેણે સુરતના સલીયાખાતુન પાસેથી દારૂ લાવ્યો હોવાનું કબુલ્યું હતું. ટીમે સલીયા ખાતુનને વોન્ટેડ જાહેર કરી બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચમાં પોલીસ બુટલેગરો સામે કડક હાથે કાર્યવાહી કરી રહી હોવાથી ગુનેગારોમાં ફફડાટ ફેલાયેલો છે.

**DATE: 08/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## અવાજ પ્રદૂષણ તથા છાત્રોના અભ્યાસમાં ખલેલ રોકવાનો પ્રયાસ કરાયો

# મોટા અવાજે ડીજે નહિ વગાડવા સંચાલકોને પોલીસ તંત્રની તાકીદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પંથકમાં ધ્વનિ પ્રદુષણ અટકાવવા અને લોકોમાં જાગૃતિ લાવવા માટે પોલીસે ડીજે સંચાલકો માટે વિશેષ અભિયાનની શરૂઆત કરી છે. ભરૂચ એસપી ડો.લીના પાટીલ તહેવારો,ઉત્સવો,લગ્ન પ્રસંગો દરમિયાન ડીજે અને સાઉન્ડ સિસ્ટમના કારણે ધ્વનિ પ્રદૂષણ ન ફેલાય તે જોવા સુચના આપી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં બોર્ડની પરીક્ષા ચાલુ થવાની હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખલેલ ન પડે તે માટે જરૂરી પગલાં લેવા દરેક અધિકારીઓને આદેશ આપ્યા હતાં.

અંકલેશ્વર ખાતે ડીવાયએસપીચિરાગ દેસાઈના અધ્યક્ષસ્થાને શેઠના હોલ અંકલેશ્વર ખાતે મીટીંગનુ આયોજન કરાયું હતું. આ મિટિંગમાં ડીજે સંચાલકો અને માલિકોને ધ્વનિ પ્રદૂષણ



જાહેરનામાના અમલ બાબત જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. અવાજના ડેસીબલ માપવાના યંત્ર વડે ડીજે ચાલુ કરાવી લાઈવ ડેમો બતાવી અને ધ્વનિ પ્રદુષણ થી માણસના સ્વાસ્થ્ય ઉપર થતી અસરો વિશે સમજ આપવામાં આવી હતી. આ મિટિંગમાં 50 જેટલા ડી.જે. ના સંચાલકો,માલિક હાજર રહ્યાં હતાં.

**DATE: 08/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાંથી બાઈક સાથે ઈસમ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસની ટીમે તહેવાર નિમિતે ચૌટા નાકા પાસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. દરમિયાન સુરવાડી બ્રિજ તરફ થી સ્પ્લેન્ડર બાઈક લઈને આવતા એક યુવક ને રોકી તેની પાસે બાઈક ના દસ્તાવેજ માંગતા તેણે દસ્તાવેજો નહિ હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાઈક ચાલક અને સકકરપોરના રહેવાસી કાંતિ વસાવાની પૂછપરછ કરતાં બાઈક ચોરીની હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે યુવાનની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહીની સાથે વધુ તપાસ પણ હાથ ધરી છે.

**DATE: 08/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વાલિયાના જબુગામે મહેફિલ જમાવી હતી

# ઘરમાં જુગાર રમતાં ચાર ખેલી પોલીસ સકંજામાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

વાલિયા તાલુકામાં આવેલાં જબુગામે સ્ટેશન ફળિયામાં રહેતાં યુનુસ યુસુફ કડીવાલા તેના પોતાના ઘરમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે તેવી બાતમી વાલિયા પોલીસની ટીમને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે સ્થળ પર પહોંચતાં યુનુસના ઘરની લોખંડની જાળી તેમજ દરવાજો અંદરથી બંધ હોવાનું જણાતાં બે પોલીસ કર્મીઓ આગળના દરવાજે ઉભા રહ્યાં હતાં. જ્યારે અન્ય એ પાછળના દરવાજે જતાં તે ખુલ્લો હોઈ દરવાજો ખખડાવી અંદર પ્રવેશતાં જુગારની મહેફીલ જામી હોઈ જુગાર રમાડતાં યુનુસ યુસુડ કડીવાલા સહિત બિલાલ દાઉદ સિદ્દીયોટ, યુસુફ ઐયુબ ચેણીયાઉ તેમજ હારીશભા અહમદ રસુલ કડીવાલાને ઝડપી પાડી તેમની પાસેથી 54 હજારથી વધુની મત્તાની રોકડ રકમ જપ્ત કરી તમા વિરૂદ્ધ વાલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 09/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITR PAGE–11**

# ગોલ્ડમાં ટ્રેડિંગ કરાવી વધારે રિટર્નની લાલચ આપી ઠગાઈ કરનારો રાજસ્થાનથી ઝડપાયો

**ડમી વેબસાઈટ** બનાવી રૂ.૩૭.૬૧ લાખની છેતરપિંડી કરતાં ભરૂચમાં ફરિયાદ નોંધાઈ હતી



ભરૂચ: ગોલ્ડ ટ્રેડિંગમાં રિટર્ન મેળવવાની લોભામણી લાલચે સાયબર માફિયાએ ડમી વેબસાઈટ બનાવી હતી. આ આંતરરાજ્ય ગેંગના જોધપુરમાં પકડાયેલા એક આરોપીની ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી હતી. ડમી વેબસાઈટથી રૂ.૩૭,૬૧,૬૯૧ અલગ અલગ એકાઉન્ટમાં છેતરાયેલા લોકો પાસે ભરાવી છેતરપિંડી કરી હતી.

ભરૂચ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ૨૦૨૩ની સાલમાં વોટ્સએપ મોબાઈલ નંબર +૮૫૨૯૬૪૭૦૦૧૬ તેમજ +૬૩૯૫૧૨૬૪૯૫૨૬થી સંપર્ક કરી ગોલ્ડ ટ્રેડિંગ કરવા માટે વાતચીત કરાતી હતી. ટ્રેડિંગમાં ૪૦ ટકા જેટલું રિટર્ન આપવાની લોભામણી લાલચ આપી ભોગ બનનારને વિશ્વાસમાં લઈ લેતા હતા.

જેમાં IGXIND.COM નામની ડમી વેબસાઈટ બનાવી તેમાં લોગ ઈન કરાવી અલગ અલગ સમયે અલગ અલગ બેંક એકાઉન્ટ્સમાં રૂ.૩૭,૬૧,૬૯૧ ભરાવી ડમી વેબસાઈટ તેમજ વોટ્સએપ નંબરો બંધ કરી છેતરપિંડી કરી હતી. આ ઘટના અંગે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા ટેક્નિકલ એનાલિસિસ તેમજ હ્યુમન રિસોર્સ તેમજ બેંક એકાઉન્ટોની માહિતી મેળવી વિગતો મેળવાઈ હતી, જેમાં આ જ ગુનામાં સંકળાયેલો દીપક જગદીશ સોની (ઉ.વ.૨૮) (રહે., અશોક ગલી, જૂની પંચાયત પાસે, તેલીવાડા મહોલ્લા,ગામ-બેદલા, ઉદયપુર, રાજસ્થાન)ની ધરપકડ કરાઈ હતી. ઝડપાયેલા આરોપીની ટ્રાન્સફર વોરંટથી ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી હતી.

**DATE: 09/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITR PAGE–11**

# ચાંચવેલમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ભરૂચ: વાગરાના ચાંચવેલ ગામે ધમશેર ફળિયા નજીક બાવળની ઝાડીમાં ખુલ્લી જગ્યાએ પત્તા-પાના વડે જુગાર રમાય છે. આથી વાગરા પોલીસે ધુળેટીના દિવસે સાંજે રેડ કરતાં ઝડપાયેલા પાંચ જુગારીઓમાં જોહાભાઈ હિંમતભાઈ રાઠોડ (ઉ.વ.૬૫), રમેશભાઈ જોહાભાઈ રાઠોડ (ઉ.વ.૪૫), મુબારક ઈસ્માઈલ ચીચા (ઉ.વ.૩૯), અર્જુનભાઈ મંગળભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) (તમામ રહે., ચાંચવેલ, તા.વાગરા) પાસે દાવ પર પડેલા રૂ.૨૧૦૦ મળી કુલ રૂ.૧૦,૪૦૦ રોકડા સાથે ઝડપાઈ ગયા હતા.

જ્યારે રેડ વખતે સુલેમાન મહમંદ પટેલ (રહે., રોઝા ટંકારિયા, તા.આમોદ અને રફીક મહમંદ બાપુ પટેલ (રહે., ચાંચવેલ, તા.વાગરા) ભાગી છૂટતાં વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 09/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# નબીપુર ગામમાં નવીનગરી પાસેથી જુગાર રમતા ૬ જુગારિયા ઝડપી પાડ્યા

। પાલેજ ।

ભરૂચ જિલ્લાના નબીપુર ગામમાં નવીનગરી પાસે જુગાર રમતા ૬ જુગારીઓ નબીપુર પોલીસે ઝડપી પાડતા જુગારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર નબીપુર ગામમાં નવીનગરી પાસે આવેલી બાવળોની જગ્યામાં પત્તા પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા હતા. જેવી ચોક્કસ બાતમીના આધારે નબીપુર ગામ પાસે આવેલી બાવળોની ઝાડીમાં જુગારની ગામ પાસે આવેલી બાવળોની ઝાડીમાં જુગારની પોલીસે રેડ કરતા ૬ ઇસમો ઝડપાઈ જવા પામ્યા હતા.

જેઓની અંગ ઝડતીના રૂપિયા ૮૯૫૦, દાવ ઉપરના ૨૪૫૦ મળી કુલ કિંમત રૂ.૧૧૪૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. પોલીસે જગદીશ ઉર્ફે ડાહ્યાભાઈ પરમાર, રહે.નબીપુર, અશોક છબુભાઈ, રહે.નબીપુર, હસમુખ બીમાભાઈ વસાવા, રહે.નબીપુર, બુધાભાઈ શનાભાઈ વસાવા, રહે.નબીપુર, કાનજીભાઈ શનાભાઈ વસાવા, રહે.નબીપુર, કમલેશ શનાભાઈ વસાવા, રહે.નબીપુર નાઓની ધરપકડ કરી જુગારધારા એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 09/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# ઝઘડિયાના નવા અવિધા અને સેલોદ ગામેથી જુગાર ઝડપી પાડી ૧૫ સામે ગુનો નોંધ્યો

ઝઘડિયા : ભરૂચ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના નવા અવિધા અને સેલોદ ગામેથી જુગાર ઝડપીને કુલ ૧૫ ઇસમો વિરુધ્ધ ગુનો નોંધાવ્યો હતો. લોકલ ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ એલસીબી પીએસઆઇ એમ.એમ.રાઠોડ ટીમ સાથે રાજપારડી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન મળેલ બાતમીના આધારે નવા અવિધા ગામે કોકી ફળીયામાં રેઇડ કરીને કુલ રૂપિયા ૧૫,૪૫૦ ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ચાર ઇસમો વિજય અર્જુનભાઇ, સોમા ચંદુભાઇ વસાવા, સંજયભાઇ મંગાભાઇ વસાવા અને મુકેશભાઇ રમેશભાઇ વસાવા તમામ રહે. નવા અવિધા તા.ઝઘડીયાને ઝડપી લઇને તેમના વિરુધ્ધ રાજપારડી પોલીસમાં ફરિયાદ લખાવી હતી.

જ્યારે જુગારની બીજી ઘટનામાં સેલોદ ગામેથી જુગાર રમતા પાંચ ઇસમોને કુલ રૂ. ૨૯,૩૧૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પોલીસે જુગાર રમતા ઝડપાયેલા શૈલેશભાઇ મગનભાઇ પટેલ રહે. સેલોદ નિશાળ ફળીયું તા.ઝઘડિયા,કુણાલભાઇ ઝીણાભાઇ પટેલ રહે. નાંગલ કુંભાર ફળીયું તા.અંકલેશ્વર, રક્ષિતભાઇ છગનભાઇ પટેલ રહે. અવાદર નવી વસાહત તા.અંકલેશ્વર, હિતેશભાઇ મોહનભાઇ પટેલ રહે. અવાદર નવી વસાહત તા.અંકલેશ્વર, પવલભાઇ પ્રમોદભાઇ પટેલ રહે. સરદારપુરા પટેલ ફળીયું તા.ઝઘડિયા જી.ભરૂચના તેમજ પોલીસને જોઇને નાશી ગયેલ અન્ય વોન્ટેડ ઇસમો પર્મેશભાઇ ઉર્ફે લાલુ વસાવા રહે. સેલોદ તા.ઝઘડિયા ઉતસભ ઉર્ફે ઉમેશભાઇ શાંતીલાલ વસાવા રહે. સેલોદ તા.ઝઘડિયા, રણજીતભાઇ ઉર્ફે બાબર ચંદુભાઇ વસાવા રહે. સેલોદ તા.ઝઘડિયા, અનિલભાઇ ઉર્ફે ભોડીયો ઠાકોરભાઇ પટેલ રહે. સેલોદ તા.ઝઘડિયા, પર્મેશભાઇ શાંતીલાલ વસાવા રહે. સેલોદ તા.ઝઘડિયા તેમજ કિશનભાઇ વસાવા રહે. સેલોદ તા.ઝઘડિયાના વિરુધ્ધ ઝઘડિયા જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ લખાવી હતી.

**DATE: 09/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### મહિલા તેના અન્ય સંતાનો સાથે કામે ગઇ હતી : આરોપીની પોલીસે ધરપકડ કરી

# સગીરાને એકલી જોઈને પાડોશીએ ઘરમાં ઘૂસી શારીરિક અડપલાં કર્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરના એક વિસ્તારમાં રહેતી 13 વર્ષીય સગીરા સાથે તેની સામે રહેતા ઈસમે શારીરિક અડપલાં કરતા પરિવારજનોમાં આક્રોશ ફેલાઈ ગયો છે.

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં એક મુસ્લિમ મહિલાનો પતિ અન્ય રાજ્યમાં સ્થાયી થયો છે. આ મહિલા આ મહિલા ત્રણ પુત્રીઓ અને એક પુત્ર સાથે અંકલેશ્વરમાં રહે છે. આ મહિલા પરિવારનું ગુજરાન ચલાવવા માટે નોકરી પણ કરે છે. ગતરોજ આ મહિલા તેની બે પુત્રીઓ અને એક દીકરાને લઈને કામ ઉપર ગઈ હતી. જ્યારે તેની 13 વર્ષીય પુત્રી ઘરમાં એકલી હતી.

આ સમયે તેની સામે રહેતા ભુપેન્દ્ર રામેશ્વર ગૌડ તેના ઘરના પ્રવેશી દરવાજો બંધ કરીને સગીરા ભાગવા જતાં ઈસમે પકડી લઈને શારીરિક અડપલાં કર્યા હતાં. આ સમયે સગીરાએ બુમાબુમ કરતા આરોપી તેને છોડીને ભાગી ગયો હતો. આરોપીએ આ વાતની જાણ કોઈને કરી તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.જોકે ગભરાઈ ગયેલી સગીરા ભાગીને નજીકમાં રહેતા તેમના સગા ને ત્યાં પહોંચી ગઈ હતી.ત્યાર બાદ તેની માતાને કોલ કરીને જલ્દી ઘરે આવવા જણાવ્યું હતું .

આ મામલે સગીરાની માતાએ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી ભુપેન્દ્ર રામેશ્વર ગોડને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પાડોશી યુવાનની હરકતથી સગીરા એકદમ હેબતાઈ ગઈ હતી અને તે નજીકમાં રહેતાં સ્વજનના ઘરે જતી રહી હતી અને ત્યાંથી ફોન કરીને માતાને બોલાવી હતી. તેણે પાડોશી યુવાને કરેલાં કૃત્ય અંગે માતાને જાણ કરી હતી. આખરે સગીરાની માતાએ જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ પોલીસે ગણતરીના સમયમાં જ આરોપીને ઝડપી પાડી જેલભેગો કરી દીધો છે. આરોપી યુવાનની વધુ પૂછપરછ પોલીસ ચલાવી રહી છે. બાળકોને એકલા ઘરે મુકીને જનારાઓ માટે આ લાલબત્તી સમાન કિસ્સો છે. બાળકોને ઘરે એકલા મુકતાં પહેલા સલામતી જરૂરી છે.

**DATE: 09/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

અંકલેશ્વરના સોનીને નકલી દાગીના પધરાવી 1.64 લાખમાં ઠગ્યો

# પહેલાં અસલી પછી નકલી દાગીના આપી છેતરતી ચાકસુ ગેંગ ઝડપાઈ



[illegible]

[illegible]

## પહેલાં અસલી દાગીના આપી જ્વેલર્સને વિશ્વાસમાં લેતા હતાં

[illegible]

[illegible]

### ઝડપાયેલાં આરોપી

[illegible]

[illegible]

**DATE: 10/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITR PAGE–04**

# ભરૂચના વેજલપુરમાં સચિન સ્ટુડિયોમાંથી વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

ભરૂચઃ ભરૂચ શહેરના બી-ડિવિઝન પોલીસે વેજલપુર-પીરકાંઠી નજીકના સચિન સ્ટુડિયો નામની દુકાનમાં દરોડા પાડી ત્યાંથી ભારતીય બનાવટના વિદેશી શરાબની અલગ અલગ બ્રાન્ડની બોટલો પકડી પાડી સ્ટુડિયો સંચાલકની ધરપકડ કરી હતી. પોલીસે કુલ 6 નંગ બોટલ સહિત 10 હજાર ઉપરાંતના મુદ્દામાલ સાથે સ્ટુડિયોના સંચાલક જિગ્નેશ ઉર્ફે સચિન સુરેશભાઈ છત્રીવાલા (રહે., અંબિકાનગર, ભરૂચ) ને ઝડપી પાડી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ બી-ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, વેજલપુર વિસ્તારમાં આવેલા પીરકાંઠી રોડ ઉપર સચિન સ્ટુડિયોમાં વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે. બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની ૬ નંગ બોટલ મળી આવી હતી.

પોલીસે ૧૦ હજારનો દારૂ અને એક ફોન મળી કુલ ૧૩ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ત્રિમૂર્તિ હોલ સામે આવેલા અંબિકાનગરમાં રહેતા બુટલેગર જિગ્નેશ ઉર્ફે સચિન સુરેશ છત્રીવાલાને ઝડપી પાડ્યો હતો. જ્યારે વિદેશી દારૂ આપનાર અંકલેશ્વર કૈલાસ નામના ઈસમને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 10/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### ગરીબ - મધ્યમ વર્ગના લોકોને ઉંચા વ્યાજે નાણાં ધીરી શોષણ

# ભરૂચ પોલીસ તંત્રની કામગીરીથી વ્યાજખોરો ભૂર્ગભમાં ઉતરી ગયા

### અત્યાર સુધી ૨૦ કરતા વધુ વ્યાજખોરો સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ

| ભરૂચ |

ભરૂચ જિલ્લામાં વ્યાજખોરીનો ધંધો ધમધોકાર ચાલી રહ્યો હતો. તેવામાં સમગ્ર ગુજરાત રાજ્ય અને ભરૂચ જિલ્લા સહિત વ્યાજખોરોની તગડી ઉઘરાણીના પગલે કંઈ કેટલાય લોકોએ આત્મહત્યા કરી અથવા તો આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. વર્ષ ૨૦૨૨ના સમય અરસામાં ભરૂચ જિલ્લામાં પણ વ્યાજખોરોના ત્રાસના પગલે ત્રણ વ્યકિતઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

સરકાર દ્વારા વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવાની નિતી ઘડવામાં આવતા ભરૂચ જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ભરૂચ જિલ્લાનું પોલીસ તંત્ર કડક ઉઘરાણી કરતા વ્યાજખોરો સામે કાર્યવાહી કરતા હાલ એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે, ગરીબ અને મધ્યમવર્ગનું આર્થિક શોષણ કરતા વ્યાજખોરો પોલીસ તંત્રની કાર્યવાહીથી ડરીને ભૂર્ગભમાં જતા રહયા હોવાનું જાણવા મળેલ છે. ગરીબ અને મધ્યમવર્ગના લોકો જન્મ અને મરણના પ્રસંગે તેમજ માંદગીના પ્રસંગે અને અન્ય નાની-મોટી આર્થિક જરૂરિયાતના પ્રસંગે નાણાંની જરૂરિયાત ઉભી થતા ઉંચા વ્યાજે પૈસા મેળવતા હોય છે અને જેમતેમ પોતાના પર આવેલ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરતા હોય છે. તેની સામે વ્યાજખોરો કોરા ચેક, ઘરેણા, દાગીના, મકાન, જમીન વગેરે ગીરવે લઈ લેતા હોય છે.

સામાન્ય રીતે ૯૦ ટકા જેટલા કિસ્સાઓમાં ગરીબ કે મધ્યમવર્ગ વ્યાજે લીધેલ પૈસા પરત કરી શકતા નથી તો બીજીબાજુ વ્યાજનું વ્યાજ થતુ જાય છે અને તેની સામે વ્યાજખોરો દ્વારા કડક ઉઘરાણી કરવામાં આવે છે તેથી કડક ઉઘરાણી કરતા પોતાની સામાજીક પ્રતિષ્ઠા સાચવવા અને માનસિક ત્રાસમાંથી બચવા અંગે મધ્યમવર્ગ અને ગરીબ વર્ગના લોકો આત્મહત્યાનો પ્રયાસ કરતા હોવાનું જણાય રહ્યુ છે ત્યારે ભરૂચ પોલીસ તંત્ર દ્વારા આવા આર્થિક રીતે પિડીત અને વ્યાજખોરોના ત્રાસથી જે લોકોને માનસિક ત્રાસ પહોંચ્યો છે તેમની વ્હારે આવતા વ્યાજખોરો સામે કાર્યવાહી કરતા કેટલાક વ્યાજખોરો ભૂર્ગભમાં જતા રહ્યા છે.

## લોન મેળાનું આયોજન

ગરીબ અને શ્રમજીવી વર્ગના લોકોને વારંવાર નાણાંની જરૂરીયાત ઉભી થતી હોય છે તેથી તેઓ વ્યાજખોરોની ચુંગલમાં આવી જતા હોય છે તેથી ગરીબ લોકોની આ આર્થિક મજબૂરી સામે ભરૂચ પોલીસ તંત્ર તેમજ બેંકોના અધિકારીઓ દ્વારા લોન મેળાનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. આ લોન મેળો ભરૂચ જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો જેને ખુબ સારી સફળતા મળતા આવનારા દિવસોમાં હજી પણ ભરૂચ જિલ્લા સ્તરે લોન મેળાનું આયોજન થાય તેવી શકયતા છે.

## વધુ એક વ્યાજખોર સામે ગુનો દાખલ

ભરૂચ નગરના અંકિત મોદી સામે ભરૂચ સીટી પોલીસ મથક ખાતે કડક ઉઘરાણી તેમજ વ્યાજે દીધેલ નાણાં પરત મેળવવા માટે ઉદ્ધત વર્તન કર્યું હોવાની ફરિયાદ નોંધવામાં આવી છે. આ અગાઉ પણ ભરૂચ જિલ્લામાં વ્યાજખોરો દ્વારા કડક ઉઘરાણી કરવામાં આવતી હોવાની ફરિયાદ લોકો દ્વારા કરવામાં આવતા પોલીસ તંત્ર દ્વારા કડક પગલા ભરવામાં આવ્યા છે.

**DATE: 10/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ભાલોદ આઉટપોસ્ટની ટીમે દરોડો પાડયો

# ઝઘડિયાના રૂંઢ ગામેથી ચાર જુગારીયા ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

રાજપારડી પોલીસ ભાલોદ આઉટપોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે રૂંઢના ઈમરાન ગોરીના ઓના ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં મોબાઈલ ટોર્ચ ના અજવાળે પૈસા વડે પત્તા પાનાનો હાર જીતનો જુગાર રમાઇ રહયો છે. પોલીસે દરોડો પાડયાં જુગારીયાઓમાં નાસભાગ મચી ગઈ હતી. સ્થળ પરથી કાસમ શેખ, રસુલ શેખ, યાસીન શેખ તથા અયુબ મન્સૂરીને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા ઈસમોની અંગ જડતી કરતા રોકડા રૂપિયા 10 હજાર તથા મોબાઈલ મળી કુલ રૂપિયા 20 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે તમામ જુગારીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ શહેર તથા જિલ્લામાં દારૂ તથા જુગારની બદીને નાબુદ કરવા માટે એસપી લીના પાટીલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમો કડક હાથે કાર્યવાહી કરી રહી છે. જેનાથી ગુનેગારોમાં ફફડાટ છે.

**DATE: 12/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ધોરણ-10ની માર્કશીટ ખોટી હોવાનું બહાર આવતાં ફરિયાદ

# બનાવટી માર્કશીટથી સ્ટેમ્પ વેન્ડર બનેલી મહિલાની આખરે ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર મામલતદાર કરણ સિંહ રાજપૂતે બી ડિવિઝન પોલીસ મથકે મહિલા સ્ટેમ્પ વેન્ડર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યાં મુજબ ગણેશ પાર્ક કોસમડી ખાતે રહેતી ચેતના સોલંકીએ અંકલેશ્વર મામલતદાર કચેરી ખાતે સ્ટેમ્પ વેન્ડરના લાયસન્સ માટે અરજી સાથે પુરાવા રજૂ કર્યા હતા. જેમાં ધોરણ 10 પાસનું ખોટું સર્ટી પણ રજૂ કર્યું હતું. ચેતનાની માર્કશીટ ખોટી હોવા બાબતે તપાસ શરૂ કરવામાં આવી હતી.

જેમાં બોગસ માર્કશીટ યુપીની કોઈ યુનિવર્સીટીની હોવાની વિગતો બહાર આવી હતી. આશરે બે વર્ષ પહેલાં પ્રકાશમાં આવેલાં આ કિસ્સામાં હવે મામલતદારે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મામલતદારની ફરિયાદ બાદ પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. 2018 થી લઈ 2023 દરમિયાન સ્ટેમ્પ વેન્ડર લાયસન્સ મેળવી નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ કેટલા વેચાણ કર્યા સહિતની વિગતો મેળવવા પોલીસે રીમાન્ડની તજવીજ હાથ ધરી છે. સ્ટેમ્પ વેન્ડરની માર્કશીટ અંગે અગાઉ પણ તપાસ કરવામાં આવી હતી અને હવે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે.

**DATE: 12/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં મોબાઈલ સાથે શકમંદ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ|અંકલેશ્વર

અંકલેશ્વરના પીરામણ નાકા પાસે એક શખ્સ ચોરીના મોબાઈલ વેચવા માટે ફરી રહયો હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે સ્થળ પર પહોંચી યુવાનની અટકાયત કરી તેની પૂછપરછ કરી હતી જેમાં તેણે તે મૂળ દાહોદ જિલ્લાનો અને હાલ અંકલેશ્વર સ્ટેશન વિસ્તારમાં ફૂટપાથ ઉપર રહેતો નરેશ ઉર્ફે નાનું નવલસીંગ રણાવા હોવાનું જણાવ્યું હતું.પોલીસે તેની પાસેથી બે મોબાઈલ ફોન કબજે કરી વધુ તપાસ આદરી છે. યુવાન પાસે બંને ફોન ક્યાંથી આવ્યાં તેની તપાસ ચલાવવામાં આવી રહી છે.

**DATE: 12/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પોલીસે ગણતરીના કલાકોમાં બંને આરોપીને ઝડપી પાડી જેલભેગા કર્યા

# અંકલેશ્વરમાં સગીરાને ખેતરમાં લઈ જઈને બે નરાધમોએ દુષ્કર્મ આચર્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ગ્રામ્ય વિસ્તારની એક 15 વર્ષીય સગીરા સાથે સામુહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. બે યુવકોએ પ્રથમ સગીરાનું અપહરણ કર્યા બાદ તેને ખેતરમાં લઈ ગયાં હતાં અને તેની સાથે શારિરીક સંબંધો બાંધ્યાં હતાં. પોલીસે ફરિયાદના ગણતરીના કલાકોમાં બંને આરોપીઓને ઝડપી પાડયાં છે.

એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ધરાવતાં



અંકલેશ્વરમાં ગુનાખોરી વધી રહી છે તેવામાં સગીરા સાથે સામુહિક દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાની વિગતો સપાટી પર આવી છે.અંકલેશ્વર વિસ્તારમાં રહેતી સગીરાનું હેમંત પટેલ અને જયદીપ પઢિયાર નામના યુવાનોએ અપહરણ કર્યું હતું. સગીરાને બંને એક ખેતરમાં લઇ ગયાં હતાં અને તેની સાથે સામુહિક દુષ્કર્મ કર્યું હતું. બંને યુવાનો વિરૂધ્ધ અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે દુષ્કર્મ,પોક્સો, અપહરણ અને એટ્રોસિટી એક્ટની કલમો લગાવી છે. ફરિયાદ થયા બાદ ગણતરીના કલાકોમાં પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

પોલીસે સગીરા અને બંને યુવાનોના મેડીકલ ટેસ્ટ સહીતની કાર્યવાહી આરંભી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક મહિનાથી અંકલેશ્વર શહેર તથા આસપાસના વિસ્તારમાં દુષ્કર્મના બનાવો વધી રહયાં છે ત્યારે વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહયો છે. થોડા દિવસો અગાઉ જ પાડોશી યુવાન સગીરાની એકલતાનો લાભ લઈને તેના ઘરમાં ઘુસી ગયો હતો. સદનસીબે સગીરા યુવાનની બાહુપાશમાંથી છટકીને ભાગવામાં સફળ રહી હતી.

**DATE: 12/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### આઠ વર્ષમાં 6 હજાર જેટલી મહિલાઓએ 181 સેવાનો લાભ લીધો

# ભરૂચમાં 181 અભયમ ટીમની 24 કલાકમાં સરેરાશ 2 મહિલાઓને સંકટના સમયે મદદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં મહિલાઓ માટે કાર્યરત 181 અભયમ સેવા રોજની સરેરાશ બે મહિલાઓની મદદ કરી રહી છે. 8 વર્ષ પહેલાં શરૂ થયેલી સેવાનો જિલ્લામાં અત્યાર સુધી 6 હજાર જેટલી મહિલાઓએ લાભ લીધો છે.

છેલ્લા આઠ વર્ષમાં 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં સલાહ, સૂચન, મદદ તથા માર્ગદર્શન માટે ભરૂચ જિલ્લામાં કુલ 28,997 અને સ્થળ પર 6,001 જેટલી મહિલાઓએ મદદ મેળવી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે 181 અભયમ સેવાને 8 વર્ષ પુરા થયાં છે. મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે મહિલા હેલ્પલાઈનની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતાને ધ્યાને રાખી 2015માં અભયમ સેવા શરૂ કરવામાં આવી હતી.

રાજ્યની મહિલાને મુશ્કેલીની સ્થિતિમાં ઝડપથી ત્વરિત મદદ મળી રહે તે માટે અધ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સમગ્ર ભારતમાં પહેલી કહિ શકાય તેવી ઈન્ટીગ્રેટેડ 181 અભયમ મોબાઈલ એપ્લિકેશન બનાવવામાં આવી છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનના અધ્યતન મોબાઈલ એપ્લિકેશનનું લોકાર્પણ 2018માં કરવામાં આવ્યું છે. ભરૂચ જિલ્લામાં રોજની સરેરાશ બે મહિલાઓ 181 અભયમનો લાભ લઈ રહી છે. થોડા દિવસો અગાઉ પાલેજમાં એક મહિલાને તેના પતિએ ઘરમાં ગોંધી રાખી હતી અને ઘટનાની જાણ થતાં 181ની ટીમે મહિલાને મુક્ત કરાવી હતી.